# મનુષ્ય સૃષ્ટિચક્રના કાયદાઓ

આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનું સૃષ્ટિચક્ર અવિનાશી છે. કોઈપણ વસ્તુ નવી બનાવવી પડે, જૂની આપમેળે થાય છે જે પ્રકૃતિનો સિધ્ધાંત છે. આ રીતે સૃષ્ટિચક્રમાં આત્મા, પરમાત્મા અને પ્રકૃતિની ભૂમિકા નિત્ય છે અર્થાત સૃષ્ટિચક્ર અવિરત પણે ચાલ્યા કરે છે. ચિત્રમાં જણાવ્યા પ્રમાણે આ સૃષ્ટિચક્ર તેના મૂળભૂત 6 કાયદાઓ મુજબ ચાલે છે.

**<u>૧. માનવ નિર્મિત કાયદાઓ:</u>** આ સૃષ્ટિચક્રમાં વિવિધતા અને સમયની જરૂરિયાત મુજબ પરમાત્માના સંદેશવાહકો, મસીહા, પયંગમ્બર, મહાત્માઓ આવે છે. તેવો જયારે આવે છે ત્યારે પરમાત્માનો સંદેશો આપે છે અને વિવિધ ધર્મોની સ્થાપના કરે છે. ધર્મ અર્થાત જીવનમાં ધારણ કરીને પાલન કરવું, જેને અંગ્રેજીમાં રિલિજીઅન (religion) કહેવામાં આવે છે. રિલિજીઅન શબ્દ રિલિજીઓ ઉપરથી આવે છે, અર્થાત "જીવન જીવવાની પધ્ધતિ" તરીકે ઓળખવામાં આવે છે. ધર્મસ્થાપક અથવા ધર્મપિતાઓએ પોતાની આત્મામાં સન્સકારરૂપે સંગ્રહિત પરમાત્માના જ્ઞાનના આધારે તેનો સંદેશો આપ્યો. ઉદાહરણ તરીકે, મહાત્મા બુધ્ધે સમયની જરૂરિયાત પ્રમાણે અહિંસાનો સંદેશો આપ્યો જયારે મહાત્મા ઈશુખ્રિસ્તએ પરમાત્માના પ્રેમનો સંદેશો આપ્યો. તેવોએ સમાજમાં નૈતિકતા, સુમેળ, સ્નેહ અને શાંતિ સચવાઈ રહે તેવો પરમાત્માનો સંદેશો આપ્યો. કોઈપણ ધર્મપિતાએ બીજા ધર્મની આત્માઓને દુઃખ, દર્દ, મારવાનો સંદેશો આપેલો નથી કારણ કે દરેક આત્મા તેજ પરમપિતા પરમાત્માનું સંતાન છે. આત્મા એકજ પરમપિતા પરમાત્માનું સંતાન હોવાથી ભાઈ ભાઈ છે. આથી હિંસા, ધૃણા, નકારાત્મકતાની વાત જ રહેતી નથી.

**<u>૨. પ્રકૃતિનાં કાયદાઓ:</u>** પ્રકૃતિનાં કાયદાઓ વિવિધ દ્રષ્ટિકોણથી પોતાની રીતે સ્વતંત્ર તેમજ અમુક અંશે આધારિત ચાલે છે. ભૌતિક વિજ્ઞાનની દ્રષ્ટિએ જોતા "આ વિશ્વમાં કુલ શક્તિ સમાન રહે છે. શક્તિ ઉત્પન્ન થતી નથી કે વિનાશ પામતી નથી પરંતુ રૂપાંતરિત થાય છે". દાખલા તરીકે, વિધ્યુત શક્તિ યાંત્રિક શક્તિમાં ફેરવાય છે. જેમ કે વિજળીથી પંખો ચાલે છે. પ્રકૃતિની અંદર "ક્રિયા અને તેની પ્રતિક્રિયા સમાન અને સામસામી હોય છે". આ પ્રાકૃતિક નિયમોમાં પરમાત્માની કોઈપણ પ્રકારની ભૂમિકા નથી. ઉદાહરણ તરીકે, ઘણા લોકો કહે છે કે પરમાત્મા આ સૃષ્ટિનું પત્તુ પત્તુ હલાવે છે. પરમાત્મા કહે છે કે વૃક્ષની ઉપર પવન આવે છે અને તેના પત્તાઓ હાલે છે જેમાં તેવોની કોઈ જરૂર જ નથી. જીવવિજ્ઞાન મુજબ સમય પ્રમાણે ઉમર વધે છે તેમ શરીરમાં ફેરફાર આવે છે અર્થાત પ્રથમ બાળક તરીકે જન્મ થાય છે, પછી યુવાન, પુખ્ત, વૃધ્ધ અને ફરી આત્મા શરીર છોડીને નવું શરીર બાળક તરીકે ધારણ કરે છે. તેવી જ રીતે કોઈપણ વસ્તુ કે વૈભવ પ્રથમ નવો અર્થાત સતો, પછી મધ્યમ અર્થાત રજો અને

અંતે જૂનો અર્થાત તમો બને છે. બુદ્ધિઝમ પ્રમાણે આ દુનિયામાં કોઈપણ વ્યક્તિ કે વસ્તુ સ્થાયી કે કાયમી નથી. પ્રકૃતિમાં દરેક વસ્તુ પરિવર્તનશીલ છે, જે પ્રકૃતિનો નિયમ છે.

# સૃષ્ટિચક્રના કાયદાઓ

- ❖ માનવ નિર્મિત કાયદાઓ: સમાજમાં નૈતિકતા, સુમેળ, સ્નેહ અને શાંતિના ઉચ્ચ માનદંડ નિભાવવા માટે.
- ❖ પ્રકૃતિના કાયદાઓ: ભૌતિક વિજ્ઞાન મુજબ - શક્તિ; જીવવિજ્ઞાન મુજબ - ઉંમર; સ્થિતિ મુજબ - સતો (શુધ્ધ), રજો અને તમો (અશુધ્ધ); બુધ્ધિઝમ મુજબ અસ્થાયી કાયદો.
- ❖ કર્મનો કાયદો: સાક્ષી, પુરાવો, નથી; અવ્યવસ્થિત
- ❖ કારણ અને પરિણામનો કાયદો: કર્મનું કારણ અને તેનું પરિણામ
- ❖ ફળપ્રાપ્તિનો કાયદો: તાત્કાલિક, મધ્યમ અવધિ, લાંબી અવધિ
- ❖ ચેતનાનો કાયદો: સુકર્મ, અકર્મ, વિકર્મ

**<u>૩. કર્મનો કાયદો:</u>** માનવ આત્મામાં પરમાત્માએ વિશાળ બુદ્ધિ આપેલી છે, જેના આધારે પોતાની પસંદગી મુજબ નિર્ણય કરે છે. આથી તેના તમામ વિચાર, વાણી અને કર્મની જવાબદારી પોતાની છે. મનુષ્યના કર્મના સિદ્ધાંત પ્રમાણે "માનવી જે કર્મ કરે તેનું ફળ તેને જ અવશ્ય મળે", આ એક આધ્યાત્મિક કાયદો છે. પ્રકૃતિ કોઈપણ કર્મમાં ઉમેરો કરીને પાછું આપે છે. દાખલા તરીકે, ધરતી ઉપર એક સફરજનનું બીજ વાવવામાં આવે તો પ્રકૃતિ હજારો સફરજન બીજ સાથે પાછા આપે છે. પૃથ્વી ઉપર એક ઘઉંનો કે ચોખાનો દાણો વાવવામાં આવે તો પ્રકૃતિ હજારો દાણા તે જ અનાજના પાછા આપે છે. બેંકમાં થાપણ કે ડિપોઝિટ સમય મુજબ મુકવામાં આવે તો તેના ઉપર બેન્ક પણ વ્યાજ તરીકે નાણાં વધુ ઉમેરીને પરત કરે છે. આ જ રીતે મનુષ્ય જે કર્મ કરે તેમાં તે પ્રકારનો પ્રકૃતિ ઉમેરો કરીને પરત આપે છે, જેનું

ફળ કર્મ કરનારે જ ભોગવવું પડે. આથી આ કર્મ ફળમાં કોઈ સાક્ષી, કોઈ સાબિતીની જરૂર નથી અને કર્મફળ ગમે ત્યારે સામે આવે, આવે અને આવેજ. કર્મનું બીજ વિચાર અથવા સંકલ્પ છે, જે વચન કે કર્મમાં પરિણમે છે, આથી વિચાર પરિવર્તન સ્વપરિવર્તનનો પાયો છે અને સ્વપરિવર્તન વિશ્વપરિવર્તનનો આધાર છે. કહેવત છે કે "જેવું વિચારો તેવા બની જશો".

**<u>૪. કારણ અને પરિણામનો કાયદો:</u>** મનુષ્ય કોઈપણ કર્મ કારણ વગર કરતા નથી અને કર્મ વગર કોઈપણ માનવ આત્મા રહી ના સકે. કર્મ સન્યાસી પણ ખાવું, પીવું, હાલવું, ચાલવું, ઉઠવું, બેસવું વગેરે કર્મ કરે જ છે. કર્મ કારણ સહીત કરે તો ફળ અર્થાત પરિણામ અવશ્ય મળે જ. કોઈપણ વ્યક્તિનું મૃત્યુ પણ થાય ત્યારે કહેવાય છે કે તેનું કારણ કોઈ રોગ કે અકસ્માત હતો. પરમાત્મા દ્વારા મૃત્યુ થયું એમ કોઈ કહી ના સકે. આથી કર્મનું કારણ અને તેનું પરિણામ નક્કી છે.

**<u>૫. ફળપ્રાપ્તિનો કાયદો:</u>** કોઈપણ માનવીના કર્મનું ફળ તેને સમયાંતરે મળેજ. કોઈ કર્મનું ફળ તાત્કાલિક મળે, જેમ કે ગરમ ચૂલા ઉપર હાથ મુકવામાં આવે તો તાત્કાલિક દાઝી જવાય. કોઈ કર્મનું ફળ થોડા સમય પછી મળે, ઉદાહરણ તરીકે વૈધકીય વિશ્વવિધાલયમાં પ્રવેશ મળે તો પાંચ વર્ષમાં વૈદ બની જવાય. કોઈ કર્મનું ફળ લાંબા સમય પછી મળે, દાખલા તરીકે કોઈ વ્યક્તિ ધર્મશાળા બનાવે તો તેને નામ, માન વગેરે અહીં મળે અને ભવિષ્યમાં સારું રહેવાનું સ્થાન મળે. જો કોઈ વ્યક્તિ વિધાલય બનાવે છે, તો તેને અહીં નામ, સન્માન વગેરે મળે છે અને આત્મા તેની સાથે સંસ્કાર લઇ જાય છે તેથી ભાવિ જીવનમાં સારું શિક્ષણ મેળવે છે.

**<u>૬. ચેતનાનો કાયદો:</u>** કોઈ પણ મનુષ્ય કર્મ કરે ત્યારે તેની ચેતના અથવા ભાન અથવા ઈરાદો પણ મહત્વનું કાર્ય કરે છે. જેમ કે, કોઈપણ વ્યક્તિ બીજાને મારવાનો પ્રયત્ન કરે અને વ્યક્તિ બચી જાય તો પણ સજા તો બીજા વ્યક્તિનું મૃત્યુ થયું હોય તેવી જ મળે. ચેતનાના આધારે માનવી સુકર્મ, અકર્મ અને વિકર્મ કરે છે. જયારે મનુષ્ય શરીર સમજીને કાર્ય કરે છે ત્યારે દેહભાનના બંધનમાં રહીને અર્થાત સ્ત્રી-પુરુષ, યુવાન-વૃધ્ધ, રાષ્ટ્રીયતા, ધર્મ, સંપત્તિ, સામાજિક દરજ્જો, ડિગ્રી, કામગીરી વગેરેના ભાનમાં રહીને કર્મ કરે છે ત્યારે વિકર્મ બને છે. માનવી પોતાને આત્મા સમજીને કર્મ કરે છે ત્યારે કર્મબંધન બનતું નથી કારણ કે કોઈપણ પ્રકારનું બંધન વચ્ચે આવતું નથી, જેને અકર્મ કહેવામાં આવે છે. મનુષ્ય જયારે આત્મા સમજીને પરમાત્માની યાદમાં કર્મ કરે છે ત્યારે કોઈપણ બંધન વચ્ચે આવતું નથી અને પરમાત્માની યાદને કારણે શક્તિ જમા થાય છે, જેને સુકર્મ કહેવામા આવે છે, જે શ્રેષ્ઠ કર્મ અથવા પુણ્યકર્મ છે. આથી શ્રેષ્ઠ કાર્યો કે સુકર્મ કરવામાં સમય, પૈસા કે શક્તિનો વ્યય થતો નથી.
સૃષ્ટિચક્ર ઉપરોક્ત કાયદા મુજબ ફર્યા કરે છે, જે અનંત છે. પરમાત્માનું કર્તવ્ય આ ચક્રમાં જ્ઞાન અર્થાત સમજ અને શક્તિ આપવાનું છે, જેના આધારે માનવ આત્મા પોતાની પસંદગી મુજબ કર્મ કરીને પ્રાપ્તિ કરે છે.

ચાલો આપણે રાજયોગ ધ્યાન કરીએ. આપણે આત્માઓ પરમપિતા પરમાત્માના સંતાન છીએ આથી આપણે પરમાત્માના જ્ઞાન, શક્તિઓ અને ગુણોનો માસ્ટર સાગર છીએ. આપણી આત્માઓ પોતાનું પાત્ર ભજવવા માટે શરીર ધારણ કરે છે, જે પ્રકૃતિના પાંચ તત્વોનું બનેલું છે. આત્મા, પરમાત્મા અને પ્રકૃતિનો ખેલ આ દુનિયા ઉપર ચાલે છે. આપણે સમાજમાં નૈતિકતા, સંવાદિતા, શાંતિ અને પ્રેમના ઉચ્ચ ધોરણને જાળવી રાખવા માટે કેટલાક કાયદાઓ બનાવ્યા. આપણે આત્માઓએ પ્રકૃતિના નિયમ, કર્મના નિયમ, કારણ અને અસરના નિયમ, ફળના નિયમ અને ચેતનાના નિયમનું પાલન કરવું જોઈએ, જેના આધારે સૃષ્ટિચક્ર ચાલે છે. આપણી ચેતના એ સૃષ્ટિચક્રના તમામ નિયમોનો આધાર છે. જ્યારે આપણે શરીરભાનમાં કર્મ કરીશું તો તેમાં જાતિ, ઉંમર, ધર્મ, રાષ્ટ્રીયતા, સામાજિક સ્થિતિ, સંપત્તિ, વ્યવસાય વગેરેની સીમાઓ આવી જશે જેથી પાપકર્મ થશે. જ્યારે આપણે આત્મભાનમાં કર્મ કરીશું તો આપણા વિચારો, શબ્દો અને કાર્યમાં ઉપરની બધી સીમાઓ વચ્ચે આવશે નહીં જેથી તે કર્મ અકર્મ બની જશે. જ્યારે આપણે આત્મભાનમાં અને પરમાત્માની યાદમાં કર્મ કરીશું ત્યારે શ્રેષ્ઠ કર્મ થશે, આથી આપણું કર્મ સારું થશે અને ભવિષ્ય માટે સંચિત થશે. આપણા સુકર્મોથી સ્વ-પરિવર્તન થશે જે વિશ્વ પરિવર્તન તરફ દોરી જશે. સુકર્મોને આધારે આપણે શાંતિ, શક્તિ, પવિત્રતા અને સુખથી ભરપૂર અહીં બનીશું અને ભવિષ્યમાં સુવર્ણ યુગમાં દેવ અથવા દેવદૂત બનીશું. આપણે શાંતિપૂર્ણ, શક્તિશાળી, શુધ્ધ અને સુખી શ્રેષ્ઠ આત્મા છીએ.